# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૪ તા.૯-૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે અમેરિકાના શિકાગો શહેરમાં મળેલ વિશ્વધર્મ પરિષદમાં પોતાના વકતવ્યથી તમામને મંત્રમુગ્ધ કરનાર અને સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડનાર યુગદ્દષ્ટા સ્વામી વિવેકાનંદજીના ૧૨ જાન્યુઆરી જન્મદિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

(૧) તા.૧૨-૧-૧૫ના દિવસે **વિવેકાનંદ વિચાર પ્રસાર યાત્રા**નું આયોજન નીચે પ્રમાણે કરવું. જે પૈકી સવાર પાળીની તમામ શાળાઓએ સવારના ૮-૩૦ થી ૯-૩૦ દરમ્યાન શાળાની આસપાસનું ૧ કિ.મી. અંતર કવર થાય તે રીતે ધો.૬ થી ૮ના બાળકોની સાથે **વિવેકાનંદ વિચાર પ્રસાર યાત્રા** કાઢવી. તેમાં સ્વામી વિવેકાનંદના વિચારો-ઉદ્‌ગારોના લખાણ અને સ્લોગનો દર્શાવતા પ્લે-કાર્ડ સાથે રાખવા. યાત્રામાં નીચે મુજબનું બેનર આગળના ભાગે રાખવું તેમજ ઘંટનાદ સાથે યાત્રા કાઢવી.

| | | |
|---|---|---|
| નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | | |
| ................શાળા નં.... | | |
| સ્વામી વિવેકાનંદજીનો ફોટો | **સ્વામી વિવેકાનંદ** | સ્કૂલ બોર્ડ લોગો |

(૨) બપોર પાળીની શાળામાં પ્રાર્થના સંમેલનમાં વિવેકાનંદજીની પ્રતિમા રાખી શિક્ષકોએ સ્વામી વિવેકાનંદજી વિષે ચર્ચા કરવી. વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે આ વિષે વાર્તાલાપનું આયોજન પણ કરવું. પ્રાર્થના સંમેલનમાં આ અંગેનું બેનર રાખવું.

(૩) યુવાઓનાં આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીના જીવન-કવન આધારિત દરેક શિક્ષકો વર્ગખંડમાં પ્રસંગો કહી વિદ્યાર્થીઓને પ્રેરણા આપે.

(૪) વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્લોગનો બોલાવવા,

(૫) શાળાઓમાં નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધાઓ યોજવી અને વિજેતાઓને લોકસહયોગથી પ્રોત્સાહક ઈનામો આપી શકાય.

(૬) સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, એસ.એમ.સી.ના સભ્યો, સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓ અને મ્યુનિ. કાઉન્સીલરોને આમંત્રિત કરી શકાય.

(૭) સ્વામી વિવેકાનંદજીના જીવન-કવન આધારિત શાળા પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકો વિદ્યાર્થીઓ વાંચે પ્રેરણા મેળવે તેમજ શ્રુતલેખન અને અનુલેખન કરાવવા ખાસ આયોજન ગોઠવવુ.

તા.૯-૧-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

નોંધ :- તા.૧૦-૧-૧૫ના રોજ ધો.૧ થી ૮ના તમામ શિક્ષકોએ(પ્રજ્ઞા સિવાય) પોતાની શાળામાં જ સવારે ૮-૦૦ થી ૯-૦૦ દરમ્યાન રાજયકક્ષાએથી બાયસેગ મારફતે તાલીમનું પ્રસારણ થનાર છે. આ પ્રસારણ બિનચૂક જોવાનું રાખવું અને ધો.૧ થી ૫ પ્રજ્ઞાશિક્ષકોએ તે જ દિવસે શાળા કક્ષાએ ૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે તાલીમ પ્રસારણ નિહાળવું.